ચિલોડામાં જીવના જોખમે વાહનો પાછળ દોડી બે ટંક રોટલો રળતા શ્રમજીવીઓ



## @ગાંધીનગર

● સેકટર-૨૩માં આવેલ કડી સંકુલની એસ.જી. કન્યા વિદ્યાલયમાં એડવર્ટાઈઝમેન્ટ ડ્રામા કોમ્પીટીશનનો કાર્યક્રમ સવારે ૮.૦૦ કલાકે યોજાશે.

● સેકટર-૧૭ સ્થિત ટાઉનહોલ ખાતે મહિલા સશકિતકરણ પખવાડિયા અંતર્ગત મહિલા અને કાનૂની જાગૃતિ દિવસનો કાર્યક્રમ સવારે ૯.૦૦ કલાકે યોજાશે.

● શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી સેકટર-૨૧ ખાતે પચરંગી હિંડોળા યોજાશે.


# વરસાદ ખેંચાતા બફારો વધ્યો

## શહેરનું મહત્તમ તાપમાન ૩૪ ડિગ્રીએ પહોંચતા શહેરીજનો ગરમી અને બફારાથી ત્રસ્ત બન્યા : હવે વરસાદ આવશ્યક

ગાંધીનગર, તા.૧૧

જુલાઈ માસના અંતિમ સપ્તાહમાં શહેરમાં વરસાદ પડયા બાદ છેલ્લા કેટલાય દિવસોથી ગરમી અને બફારાનું સામ્રાજય ફેલાયું છે. વરસાદ લંબાતા પુનઃ આકરી ગરમી અને બફારાથી વસાહતીઓ ત્રસ્ત બન્યા છે. ચોમાસાની ઋતુમાં આ વર્ષે શહેરમાં માત્ર બે થી ત્રણ વખત જ સારો કહી શકાય તેવો વરસાદ પડયો છે. વરસાદ પંદરથી વીસ દિવસ સુધી લંબાયા કરે છે. આકાશમાં વાદળોની સતત અવરજવર રહેતી હોવા છતાં વરસાદી ઝાપટુ પણ પડતું નથી. છેલ્લા બે દિવસથી તો દિવસ દરમિયાન આકરો તડકો પડે છે. પંખો કે એસી વિના જરાય ચાલતું નથી. જો થોડીકવાર માટે પણ જો પંખો બંધ હોય તો પરસેવે રેબઝેબ થઈ જવાય છે. ગરમી અને બફારાના કારણે ઘરની બહાર નીકળવું મુશ્કેલ બની ગયું છે.

શહેરમાં વરસાદ પડે ઘણા દિવસો થઈ ગયા છે હવે વરસાદના વધુ એક રાઉન્ડની તાકીદની જરૂરિયાત છે. વરસાદ પડશે તો થોડીક ઠંડક થશે અને વસાહતીઓને રાહત થશે. આજે શહેરમાં મહત્તમ તાપમાન ૩૪.૦ ડિ.સે. અને લઘુત્તમ તાપમાન ૨૬.૨ ડિ.સે. જેટલું ઉંચુ નોંધાતા રાત્રી દરમિયાન પણ શહેરીજનો ગરમી-બફારાથી હેરાન પરેશાન રહ્યા હતા. ભેજનું પ્રમાણ સવારે ૭૮ ટકા અને સાંજે ૫૯ ટકા નોંધાયું હતું.



(તસવીર : કશ્યપ નિમાવત)

## વાતવાતમાં

● સેકટર-૨૮માં નાના બગીચાનું રિનોવેશનનું કામ ચાલી રહ્યું છે. સવારે બ્રહ્માકુમારીઝ સંસ્થાના સાધક ભાઈઓ અને બહેનો આ કાર્યમાં તેમની સેવાઓ આપતા નજરે ચઢે છે.

● ગઈ કાલે રાત્રે સે-૩૦ સર્કલથી લેકાવાડા પુલ વચ્ચેના માર્ગ પર રીક્ષા અને ટાટા નેનો કારની ટકકર થવા પામી હતી.સદભાગ્યે આ અકસ્માતમાં કોઈને ઈજા નથી થઈ પરંતુ બંને વાહનોનો બુકડો વળી ગયો હતો.

● સે-૨૭ના એક નગરજને રાષ્ટ્રીયકૃત બેંકમાં ખાતુ ખોલાવી એટીએમ કાર્ડ માટે એપ્લાય કર્યુંહતું. તેમના આશ્ચર્ય વચ્ચે એક અઠવાડીયાના ગાળામાં બેંકે એક નહીં પરંતુ બે બે એટીએમ કાર્ડ મોકલ્યા એ પણ એક સરખા નંબરના.

● આજે સે-૧૧માં સુમન ટાવર પાસે આડેધડ થતા વાહન પાર્કિંગ સામે એએસપીએ જાતે સપાટો બોલાવ્યો હતો અને ઘણા વાહનોને ડીટેઈન કર્યા હતા.

● એસબીઆઈ બેંકની સે-૨૨ શાખામાં કેટલાક દિવસથી સર્વર બંધ હોવાથી ગ્રાહકોની પાસબુક પણ ભરી અપાતી નથી જેના કારણે ગ્રાહકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

● ગાંધીનગર પોલીસ દ્વારા તલોદ તાલુકાના માધવગઢ ગામે ઓફિશિયલ ફાયરિંગ બટ ખાતે ફાયરિંગ પ્રેકટીશ હાથ ધરવામાં આવી છે.

- સમીર રામી

9924446645

# ગાંધીનગર ખાતે ગુજરાત ઈન્ટુક સંમેલન મળ્યું

ગાંધીનગર, તા.૧૧

કેન્દ્રીય કામદાર સંગઠન, ગુજરાત ઈન્ડિયન નેશનલ ટ્રેડ યુનિયન કોંગ્રેસના પ્રવકતા અશોક પંજાબીએ નિદવેનમાં જણાવ્યું છે કે રવિવાર તા. ૯-૮-૨૦૧૫ના રોજ ગાંધીનગર ખાતે મળી ગયેલ ગુજરાત ઈન્ટુકના સંમેલનમાં નૈષદભાઈ દેસાઈ ચોથી વાર સર્વ સંમતિથી રાજયના પ્રમુખ તરીકે ચુંટાઈ આવ્યા હતા. ગાંધીનગરના સ્ટાફ ટ્રેનિંગ કોલેજના હોલમાં રાજયના વિવિધ વિસ્તારોથી આવેલ ૪૦૦ જેટલા ડલિગેટોને પ્રમુખ પદેથી સંબોધતા ઈન્ટુકના રાષ્ટ્રીય પ્રમુખ ડૉ. સંજીવ રેડ્ડીએ, કામદાર કાયદાઓના સુધારાના નામે કેન્દ્ર સરકારની કામદાર વિરોધી નીતિઓની ઝાટકણી કાઢતા આગામી ૨ સપ્ટેમ્બરે કામદાર સંઘો દ્વારા દેશવ્યાપી હડતાળને સફળ બનાવવા ઈન્ટુકના કાર્યકરોને હાકલ કરી હતી.

મુખ્ય મહેમાનપદેથી ગુજરાત કોંગ્રેસના પ્રમુખ ભરતસિંહ સોલંકીએ દેશના કામદાર આંદોલનમાં ઈન્ટુકની ભૂમિકાને બિરદાવી અને જણાવ્યું હતું કે કોંગ્રેસ પક્ષ શ્રમજીવી પ્રજાને દિલથી ટેકો આપે છે જયારે અતિથિ પદેથી બોલતા, પ્રદેશ કોંગ્રેસના પૂર્વ પ્રમુખ સિધ્ધાર્થ પટેલે, કામદાર કાયદાઓમાં સુચિત સુધારાને રાક્ષસી સુધારા ગણાવી તેને ફગાવી દેવા હાકલ કરી હતી.

# પાટીદાર અનામત આંદોલનમાં કોલેજના વિદ્યાર્થીઓ પણ જોડાશે

ગાંધીનગર, તા.૧૧

ગુજરાત યુનિવર્સિટીના તમામ પાટીદાર વિદ્યાર્થીઓ પાટીદાર અનામત આંદોલનમાં જોડાય તેવી શકયતાઓ વર્તાઈ રહી છે. સરદાર પટેલ સેવાદળ ગાંધીનગર દ્વારા ગુજરાત યુનિવર્સિટીમાં એક સભાનું આયોજન ૧૩મી ઓગષ્ટે સાંજે ૪ વાગે કર્યુંછે. ગુજરાત યુનિવર્સિટી કેન્ટીનની બાજુમાં યોજાનાર આ સભામાં કોલેજના પાટીદાર વિદ્યાર્થીઓ એક દિવસ માટે શૈક્ષણિક કાર્યવાહીથી અળગા રહીને આંદોલનમાં સહભાગી થાય તે મુખ્ય એજન્ડા હોવાનું જાણવા મળ્યુંછે.

## ઉનાવા ગામમાંથી ૮ જુગારીઓ પકડાયા : રૂ. ૧૧૪૦ના મુદ્દામાલ સાથે તમામ જુગારીઓની ધરપકડ

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર નજીકના ઉનાવા ગામમાં સ્થિત આંટા વાળા ઠાકોર વાસમાં ખુલ્લેઆમ જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમીને આધારે પેથાપુર પીએસઆઈ ડી.બી. વાળા તથા તેમની ટીમે દરોડો પાડી ગઈ સાંજે આઠ જુગારીઓને પકડી પાડયા હતાં. રૂ. ૧૧૪૦ રોકડ મુદ્દામાલ સાથે ભરત જવાનજી ઠાકોર, મહેન્દ્ર મંગાજી ઠાકોર, અરવિંદ જીવણ રાઠોડ, સુરેશ ગોવિંદ રાઠોડ, ટીના પ્રેમાજી ઠાકોર, મણી ગોવિંદ પરમાર, સેંધા પ્રતાપ ઠાકોર અને મનુ ડાહ્યા ઠાકોર મળી તમામ આઠેયની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દહેગામ નજીક અંતોલી પાસેથી દારૂ ભરેલી ઈનોવા પકડાઈ : ૬.૬૦ લાખના મુદ્દામાલ સાથે બે શખ્સોની ધરપકડ

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર એલસીબી પી.આઈ. આશુતોષ પરમારની ટીમે દહેગામ-બાયડ રોડ પર બાતમીને આધારે વોચ ગોઠવીને અંતોલી ગામની સીમમાંથી વિદેશી દારૂ અને બિયરનો જથ્થો ભરેલી ઈનોવા ગાડી પકડી પાડી હતી. બપોરના અરસામાં અંતોલી પાસેથી પકડાયેલી ઈનોવામાંથી ૨૯૯ વ્હીસ્કીની બોટલ અને ૩૮૪ બિયરના ટીન મળી આવ્યા હતાં. ગાડી સહીત દારૂ-બિયર મળીને કુલ રૂ. ૬.૬૦ લાખના મુદ્દામાલ સાથે ઉદેપુર ખેરવાડાના પ્રકાશ ગણેશ મીણા અને અનિલ રૂપા મીણા નામના બે બુટલેગરોની ધરપકડ કરી લેવામાં આવી છે. દારૂ-બિયરનો જથ્થો કયાંથી લાવ્યા હતા અને કયાં લઈ જવાઈ રહ્યો હતો તેની ઉંડી તપાસ શરુ કરવામાં આવી છે.

# બાલનગરીમાં યોજાયેલ સ્પર્ધાઓના વિજેતાઓને સન્માનવામાં આવ્યા

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગરના ચ-૩ સર્કલ પાસે મોનસુ મહોત્સવ બાલનગરીમાં અત્યાર સુધીમાં યોજવામાં આવેલ સ્પર્ધાઓના વિજેતા બાળકોને રવિવારે બોલીવુડ વિલન અદાકાર શિવા સહિતના મહેમાનોના હસ્તે ઈનામો આપવામાં આવ્યા હતા. બાલનગરીમાં અત્યાર સુધીમાં ડાન્સ, પેઈન્ટીંગ, હેન્ડ રાઈટીંગ અને ફેન્સી ડ્રેસ જેવી અનેક સ્પર્ધાઓ યોજાઈ ચુકી છે.

બાલનગરી ખાતે યોજાયેલ ચિત્ર સ્પર્ધામાં જુનિયર વિભાગમાં પ્રથમ ક્રમે રિધ્ધી પ્રધાન, દ્વિતિય ક્રમે ધ્રુવી અને તૃતીય ક્રમે માહી આચાર્ય તથા સિનિયર વિભાગમાં



પ્રથમ ક્રમે અવની રાઠોડ, દ્વિતિય ક્રમે મિતેષ મકવાણા અને તૃતીય ક્રમે ક્રિશ આનંદ વિજેતા બન્યા હતા. ફેન્સી ડ્રેસમાં પ્રથમ ક્રમે ધ્રુવી આચાર્ય, દ્વિતિય ક્રમે રિતિકા તિવારી અને તૃતીય ક્રમે સોહા સૈયદ તેમજ ચૈતન્ય વિજેતા બન્યા હતા. હેન્ડ રાઈટીંગ કોમ્પીટીશનમાં જુનિયર વિભાગમાં પ્રથમ ક્રમે પ્રત્યુશ નંદી, દ્વિતિય ક્રમે દેવાંશી રાવલ અને તૃતીય ક્રમે દિયા પંડયા તેમજ

**મોનસુન મહોત્સવ**

સિનિયર વિભાગમાં પ્રથમ ક્રમે હાર્દ પટેલ, દ્વિતિય ક્રમે પ્રાંચી નંદી તેમજ તૃતીય ક્રમે નેન્સી પટેલ વિજેતા બન્યા હતા. ડાન્સ કોમ્પીટીશનમાં બોયઝ વિભાગની જુનિયર કેટેગરીમાં પ્રથમ ક્રમે પ્રથમ પરમાર, દ્વિતિય ક્રમે ભાવેશ મંગતાની, તૃતીય ક્રમે યક્ષ શાહ તેમજ સિનિયર કેટેગરીમાં પ્રથમ ક્રમે માનવ પવાર, દ્વિતિય ક્રમે કુંજન ચૌધરી અને તૃતીય ક્રમે ઉમેશ વેગડા વિજેતા થયા હતા. ગર્લ્સ વિભાગની જુનિયર કેટેગરીમાં પ્રથમ ક્રમે ઝીલ પરીખ, દ્વિતિય ક્રમે ગ્રીષ્મા વ્યાસ, તૃતીય ક્રમે રૂહાની આશુદાની તેમજ સિનિયર કેટેગરીમાં પ્રથમ ક્રમે નંદિની દવે, દ્વિતિય ક્રમે અવની રાઠોડ અને તૃતીય ક્રમે કિંજલ બિહોલા વિજેતા બન્યા હતા. આ ઉપરાંત સ્પેશિયલ કેટેગરીમાં પીનલ સોલંકીને ઈનામ આપી સન્માનવામાં આવ્યા હતાં.

(તસવીર : સમીર રામી)

## બ્રહ્મસમાજ દ્વારા પણ અનામતની માંગ માટે હિલચાલ

ગાંધીનગર, તા.૧૧

સમાજમાં અનામતનો પવન ફુંકાતા તમામ જ્ઞાતિના લોકો આંદોલન કરી અનામત મેળવવાની સરકાર સામે માંગ ઉઠાવી રહ્યા છે ત્યારે સમસ્ત બ્રહ્મ સમાજે પણ આ બાબતે અવાજ ઉઠાવવાનું વિચાર્યુ છે.

આજના વિકસતા યુગમાં સમય સાથે કદમ મિલાવવા માટે સમાજના કેટલાક વર્ગો અનામતનો લાભ લે છે. હવે આ લાભ મેળવવા માટે બ્રહ્મસમાજ પણ માંગણી કરશે. કારણ કે ઘણા બ્રહ્મ પરિવારો માત્ર કથા, વાર્તા તેમજ કર્મકાંડ કરીને પોતાના બાળકોનો મહા મુસીબતે નિર્વાહ કરી રહ્યા છે તે કડવું સત્ય છે. બ્રહ્મ પરિવારો પોતાની જમીનો, સરકારી નોકરીઓ કે સ્થાવર મિલકત વિહોણા જોવા મળે છે. જયારે આર્થિક રીતે સધ્ધર અને સક્ષમ હોવા છતાં અમુક વર્ગો સરકાર તરફથી મળતા અનામત સીટોના કાયદાના આધારે હજુ પણ વધુ પ્રમાણે પોષણ મેળવતા જાય છે જયારે બ્રાહ્મણ વધુને વધુ ગરીબ બનતો જાય છે. આથી બ્રહ્મ સમાજે પણ અનામતની માંગણી કરી તેમના તેજસ્વી પરંતુ આર્થિક રીતે નબળા બાળકોનું ભવિષ્ય સુરક્ષિત કરવા વિચારણા કરી છે.

## ૨૦૮૫ કિલો ગૌમાંસ ભરેલુ ડાલુ પોલીસની જીપને ટકરાયું

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર નજીકનાં રાયપુર ગામની સીમમાં આજે પરોઢીયે બેફામ ગતિએ આવી રહેલા એક પીક અપ ડાલા નં. જીજે-૭ વાય.વાય. ૦૩૫૬ એ પોલીસની જીપને પાછળથી ટકકર મારી દીધી હતી. ત્યાંથી ભાગેલુ આ પીકઅપ ડાલુ રાયપુર કેનાલની રેલીંગમાં ઘુસી ગયું હતું અને તેનો ડ્રાઈવર ભાગી ગયો હતો. ડભોડા પોલીસે પીછો કરીને ડાલામાં તપાસ કરી તો બે લાખની કિંમતનું ૨૦૮૫ કિલો ગૌમાંસ પીકઅપ ડાલામાંથી મળી આવ્યું હતું. જયારે ડ્રાઈવર ફરાર હતો. ડભોડા પોલીસે ડાલુ અને ગૌમાંસ જપ્ત કરીને ગુનો દાખલ કરી ઝીણવટભરી તપાસ શરુ કરી છે.

## રવિવારે ગુજરાત નાગર પરિષદની બેઠક

સમગ્ર ગુજરાત નાગર પરિષદ સંસ્થાની સલાહકાર સમિતિની બેઠક તા. ૨૩મી ઓગષ્ટને રવિવારે સવારે ૧૦.૦૦ કલાકે અમદાવાદના ખાડિયા વિસ્તારની નાની જેઠાભાઈની પોળમાં ઉન્નતિ બાલમંદિર ખાતે યોજવામાં આવી છે. આ સભામાં ખજાનચી જનકભાઈ મહેતા દ્વારા વાર્ષિક હિસાબોની રજૂઆત કરાશે. આ ઉપરાંત આગામી કાર્યક્રમના આયોજન અંગેની ચર્ચા પણ કરવામાં આવશે.

## સે-૭માં શાક લેવા ઘરની બહાર નીકળેલી મહિલા સાથે લુંટ

### બાઈક પર આવેલા બે ચેઈન સ્નેચર્સ દોઢ તોલાનો દોરો લુંટી ગયા

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર શહેરમાં ચેઈન સ્નેચર્સ ગેંગ પુનઃ સક્રીય થઈ ગઈ છે. તાજેતરમાં સે-૩ અને સે-૪માં ઘણા ચેઈન સ્નેચીંગના ગુના બનવા પામયા છે. બે દિવસ અગાઉ જ સે-૩માં એક મહિલાના ગળામાંથી ખોટો દોરો લુંટી બે શખ્સો નાસી છુટયા હતા. ત્યાર બાદ આજે બપોરના અરસામાં સે-૭માં ઘરની બહાર શાકભાજી લેવા નીકળ્યા અને બાઈક પર આવેલા બે શખ્સો દોઢ તોલાનો દોરો લુંટીને ફરાર થઈ ગયાની ઘટના બનવા પામી છે.

સેકટર-૭-સી પ્લોટ નં. ૮૧૯/૨ ખાતે રહેતા જશીબેન તખુભાઈ ગઢવી આજે બપોરે એક વાગ્યાના અરસામાં પોતાના ઘર આંગણેથી શાકભાજીની લારી નિકળતા ઘરની બહાર નિકળ્યા હતાં. જશીબેન શાકભાજી લઈ રહ્યા હતા તે દરમિયાન બાઈક પર આવેલા બે ચેઈન સ્નેચર્સ તેમની પાસે ગયા અને ગળામાં પહેરેલો દોઢ તોલા વજનનો રૂ. ૨૫ હજારની કિંમતનો સોનાનો દોરો લુંટીને રફુચક્કર થઈ ગયા હતા. જશીબેને સે-૭ પોલીસને ફરીયાદ આપતા ચેઈન સ્નેચીંગનો ગુનો દાખલ કરીને તપાસ શરુ કરી છે.



ભારતમાં ૧૯૪૫થી ૧૯૭૦ના સમયગાળામાં વિવિધ વિદ્વાનોની સાથે મંત્રીમંડળમાં ફરજ બજાવી ચુકેલા દામોદર શ્રમાએ નિવૃત્તિ બાદ લંડનમાં તેમની સ્મૃતિઓ અને દંતકથાઓ આધારિત જુદા જુદા છ પુસ્તકો લખ્યા હતાં. આ પુસ્તકોમાં મહાત્મા ગાંધીજીના અન્ય નેતાઓ સાથેના સંવાદોને પણ આવરી લીધા છે. આ પૈકીના એક પુસ્તક 'રાજ લિજેન્ડસ ઓફ લેડી એડના'ને આજે દામોદર શર્માના પુત્ર અને પૂર્વ આઈએએસ અધિકારી સુરેશ શર્માએ રાજયપાલ ઓ.પી. કોહલીને અર્પણ કર્યું હતું.

(તસવીર : કાંતિભાઈ એમ. શર્મા)

## વિકલાંગ કલ્યાણ ટ્રસ્ટ તથા જનની ધામ-સુરતના બાળકો રાજ્યપાલશ્રીની શુભેચ્છા મુલાકાતે

ગાંધીનગર, તા. ૧૧

સુરત ડાયમન્ડ એસોસિએશનના સહયોગથી વિકલાંગ કલ્યાણ ટ્રસ્ટના વિકલાંગ બાળકો તથા જનની ધામના એચ.આઈ.વી. ગ્રસ્ત બાળકોએ આજે રાજભવન ખાતે ગુજરાતના રાજયપાલ શ્રી ઓ.પી. કોહલીની શુભેચ્છા મુલાકાત લીધી હતી.

બાળકો સાથે વાર્તાલાપ કરતા રાજયપાલશ્રીએ જણાવ્યું હતું કે આત્મવિશ્વાસના બળે આપણામાં ઈશ્વરદત્ત જે શક્તિનો ભંડાર છે તેને ખિલવવાની આવશ્યકતા છે. તેમણે સમાજમાં ક્ષતિગ્રસ્ત કે વિકલાંગ સમુદાયને સહયોગ કરનાર દાનવીરોના બીજાના દુઃખ-દર્દમાં સહભાગી બનવા અને તેમને મદદરૂપ થવાના કાર્યોને બિરદાવ્યા હતા. બાળકોએ રાજયપાલશ્રીને તેમના જન્મદિનની ભેટરૂપે ચિત્રો અર્પણ કર્યા હતા.

આ પ્રસંગે સુરત ડાયમન્ડ એસોસિએશનના શ્રી દામજી માવાણી, શ્રી દિનેશ નવાડિયા તથા વિકલાંગ કલ્યાણ ટ્રસ્ટ અને જનની ધામના સંચાલકો ઉપસ્થિત રહ્યા હતા.

## બોર્ડ નિગમના કર્મચારી મહામંડળનો સંકલન સમિતિની રેલીને જાહેર ટેકો

ગાંધીનગર, તા.૧૧

ગુજરાત રાજય બોર્ડ નિગમ સરકારી સાહસોનું કર્મચારી મહામંડળે રાજય કર્મચારી સંકલન સમિતિની આગામી સમયમાં યોજાનાર રેલી અને જાહેર સભાને ટેકો જાહેર કર્યો છે. રેલીને સફળ બનાવવા પણ હાલ કવાયત શરૂ કરવામાં આવી છે.

ગુજરાત રાજય બોર્ડ નિગમ સરકારી સાહસોનું કર્મચારી મંડળ ગાંધીનગરની આજે કારોબારી બેઠક સર્કિટ હાઉસ ખાતે મળી હતી. જેમાં રાજય એસ.ટી. કોર્પોરેશન મંડળ તથા વિદ્યુત બોર્ડના સંગઠન બોર્ડ નિગમ મહામંડળ સાથે જોડાયા હતા.

ગાંધીનગર ખાતેના સરકારી આવાસો બોર્ડ/નિગમ/કોર્પોરેશનના કર્મચારીને ફાળવેલા છે. જે ચાલુ રાખવા સંસ્થાના પ્રતિનિધિ મંડળે મંત્રી નિતિનભાઈ પટેલને રૂબરૂ લેખિત રજૂઆતો કરી હતી. તાત્કાલિક આ પડતર પ્રશ્નોના યોગ્ય નિકાલ લાવવા માંગ કરી છે. ઉપરાંત આગામી તા. ૧૨ તથા ૨૭મી ઓગસ્ટ ૨૦૧૫ની વડોદરા અને રાજકોટ ખાતેની ગુજરાત કર્મચારીઓની પાયાના પડતર પ્રશ્નો-હિતોની સુરક્ષા માટે પડતર માંગણીઓ ઉકેલવા તથા સંગઠન શકિતના પરિચયરૂપે યોજાનાર રેલી અને સભાને સંપૂર્ણ ટેકો આપી સંકલન સમિતિના અધ્યક્ષ વિષ્ણુભાઈ પટેલે ખાત્રી આપી હતી.

## શ્રી સુથાર સમાજ ગુજરાતના સૂત્રધારોની વરણી



ગાંધીનગર, તા.૧૧

સમગ્ર ગુજરાત તેમજ મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, રાજસ્થાન રાજયનું પ્રતિનિધિત્વ કરતી મેવાડા,ગજ્જર, વૈશ્ય, પંચોળી સુથાર જ્ઞાતિજનોની વડોદરા ખાતે આવેલી સંસ્થા શ્રી સુથાર સમાજ ગુજરાતની રાજય સ્તરીય બેઠક મળી હતી. જેમાં હોદેદારોમાં પ્રમુખ તરીકે શ્રી ઠાકોર મિસ્ત્રી, ઉપપ્રમુખ શ્રી ડાહ્યાભાઈ ગજ્જર, ઉપપ્રમુખ ટી.એ. ગજ્જર ગાંધીનગર અને મંત્રી તરીકે શ્રી ચંદ્રકાંત મિસ્ત્રીની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે.

છેલ્લા ૨૩ વર્ષથી સુથાર જ્ઞાતિઓની તમામ પેટા જ્ઞાતિઓને એક છત્ર તળે સંગઠીત કરીને રાજય સ્તરે સુથાર જ્ઞાતિજનોનું મજબુત સંગઠન ઉભું થયેલ છે. સમાજ દ્વારા પ્રતિવર્ષ શૈક્ષણિક ઈનામ વિતરણ, વિશિષ્ટ વ્યકિતઓને સન્માનિત કરવામાં આવે છે.

રાજયસ્તરે બક્ષીપંચના લાભો તથા સરકારશ્રીની વિવિધ યોજના અંગે કેન્દ્રસ્તરે સફળ રજુઆતોને કારણે જ્ઞાતિનો ઓ.બી. સીમાં સમાવેશ થયો છે. કેન્દ્ર સરકારના ગેઝેટ સાથે સંયોગિક કાગળો પણ સંસ્થામાં ઉપલબ્ધ છે જે દ્વારા કેન્દ્રીય લાભો મેળવવા સમાજનો સંપર્ક કરવા જણાવાયું છે.

# ચિલોડામાં જીવના જોખમે વાહનો પાછળ દોડી બે ટંક રોટલો રળતા શ્રમજીવીઓ

## બસ સ્ટેન્ડ વગર ધમધમતું પાટનગરનું પડોશી ચિલોડા, શ્રમજીવીઓ માટે બસ સ્ટેન્ડ આશાનું કિરણ



ગાંધીનગર, તા.૧૧

પરિશ્રમનો કોઈ પર્યાય નથી. આ ઉકિતને સાર્થક કરતા દશ્યો પાટનગરના પડોશી એવા ચિલોડા સર્કલે જોવા મળી રહ્યા છે. ચોતરફથી મુસાફરો ભરેલા આવતા વાહનો પાછળ જીવના જોખમે દોડીને ખાણી પીણીનું વેચાણ કરી આજીવિકા મેળવવા શ્રમજીવીઓનો આ શ્રમયજ્ઞ ગતિશીલ ગુજરાતની વરવી વાસ્તવિકતાનો ચિતાર રજુ કરી રહ્યો છે. બસ સ્ટેન્ડના અભાવે નિયત સ્થળે ન થોભતા વાહનો પાછળ દોડીને રોજી મેળવવી એ શ્રમજીવીઓ માટે નિત્યક્રમ બની ગયો છે. જેથી આ શ્રમજીવીઓની જીંદગી અને રોજી રોટી અર્થે પણ ચિલોડામાં બસ સ્ટેન્ડ બનાવાય તે સંજોગો આધિન બન્યું છે.

પાટનગરના પડોશી ચિલોડામાં જોખમી શ્રમ થકી આજીવિકા મેળવતા શ્રમજીવીઓની વ્યથા હચમચાવી મુકે તેવી છે. ચિલોડા સર્કલે લકઝરી બસો, એસ.ટી. બસો તથા ખાનગી વાહનોની અન્ય રાજયો તથા નજીક ગામ અને શહેરોમાં દૈનિક અવરજવર મોટા પ્રમાણમાં રહે છે. આ વાહનોમાં મુસાફરોને ખાણી પીણીની ચીજવસ્તુઓ વેચાણ કરવા ચિલોડા તથા આજુબાજુના ગામોના શ્રમજીવીઓ દોડી દોડીને જીવને જોખમમાં મુકી રહ્યા છે. ચિલોડો સર્કલે નિયત બસ સ્ટેન્ડ ન હોવાથી આવતા જતાં વાહનો ચોકકસ સ્થળે ઉભા ન રહેતા શ્રમજીવીઓને જીવના જોખમે પેટીયું રળવાની ફરજ પડી રહી છે.

દસ વર્ષ અગાઉ સાંસદ એલ.કે. અડવાણીની ગ્રાન્ટમાંથી અહીં બસ સ્ટેન્ડ બનેલું હતું. જે નેશનલ હાઈવે ઓથોરીટીએ સર્વિસ રોડ બનાવતા તોડી નાંખ્યું છે. જેથી હાલની સ્થિતિમાં કોઈ બસ સ્ટેન્ડ જ નથી. દૈનિક ૨૫ થી ૩૦ છોકરા, છોકરી, મહિલાઓ અને પુરૂષો વહેલી સવારથી મોડી રાત સુધી મગફળી, સિઝનેબલ ફળફળાદી, પાણીના પાઉચ, બોટલ તથા મકાઈ ડોડાનું વેચાણ કરે છે. જેમાં કેટલાક છોકરા અને છોકરીઓ અભ્યાસમાં પુસ્તકો, નોટબુક તથા અન્ય ખર્ચને પહોંચી વળવા પણ આ જોખમ ખેડી રહ્યા છે. દોડી દોડીને પરિવારનું ભરણ પોષણ કરતા આ શ્રમજીવીઓ થાકીને લોથપોથ થઈ જાય છે અને આ શ્રમજીવીઓ મુખ્યત્વે રાવળ, દેવીપૂજક, મારવાડી અને હરિજન સમાજના હોય છે.

અસંખ્ય વાહનોની અવરજવર હોવા છતાં પાટનગરના પડોશી ચિલોડાની કરૂણતા એ છે કે અહીં બસ સ્ટેન્ડ ઉપલબ્ધ જ નથી. પાયાની સુવિધાઓના અભાવ વચ્ચે ચોવીસ કલાક ધમધમતું ચિલોડા વિકાસ ઝંખી રહ્યું છે. જેમાં વળી જીવ સટોસટ વચ્ચે બે ટંક પેટીયું રળતા આ શ્રમજીવીની વ્યથા સમજીને પણ અહીં બસ સ્ટેન્ડ બનાવવા તીવ્ર માંગ ઉભી થઈ છે.

(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

## ચિરવિદાય

- સ્વ. જીવીબેન ગોવિંદભાઈ પ્રજાપતિ, ઉ.વ.૬૫, મુ. મહુદરા, તા.જી. ગાંધીનગર.
- સ્વ. દીલીપભાઈ ભગુભાઈ શાહ, ઉ.વ.૬૬, પ્લોટ નં. ૫૨૯/૨, સેકટર-૫-બી, ગાંધીનગર.
- સ્વ. અમરતજી રામસંગજી મકવાણા, ઉ.વ.૬૧, બોરીયા (હરીપુરા), તા.જી. ગાંધીનગર.
- સ્વ. લીલાબેન પ્યારેલાલ કનોજીયા, ઉ.વ.૭૬, પ્લોટ નં. ૨૫૬/૩, ગ-૧, સેકટર-૧૯, ગાંધીનગર.
- સ્વ. કૈલાસબેન ઈશ્વરભાઈ રાઠોડ, ઉ.વ.૫૦, બ્લોક નં. ૭/૯, છ ટાઈપ, સેકટર-૨૧, ગાંધીનગર.